દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદની ચેતવણી

દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદ થયો હતો. ભારે વરસાદની ચેતવણી હજુ પણ જારી કરવામાં આવેલી છે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશના વિવિધ ભાગોમાં મોર્નિક સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. ગુજરાતના જે વિસ્તારોમાં અતિભારે વરસાદ માટેની ચેતવણી જારી કરવામાં આવી છે તેમાં વલસાડ, નવસારી, દાહોદ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત નવસારી, વલસાડ સહિતના અન્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ રહી શકે છે. સુરત, આણંદ, વડોદરા, તાપી, ભરુચ, નર્મદા, ખેડા, પંચમહાલ અને દાહોદમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. રાજ્યના ૫૯ તાલુકાઓમાં વરસાદ થયો છે. મોટાભાગના તાલુકાઓમાં વરસાદે વિરામ લીધો છે. બીજી બાજુ આજે સવારથી જ ૧૪થી વધુ તાલુકાઓમાં વરસાદ થયો છે. કપરાડા અને ઝાલોદમાં અડધો ઈંચ વરસાદ થયો છે. રાજયના ૧૪ તાલુકાઓમાં આજે સવારથી ઝરમર વરસાદ વરસી રહ્યાં હોવાના અહેવાલ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પ્રાપ્ત થયા છે. જેમાં વલસાડના કપરાડા તાલુકામાં અને દાહોદના ઝાલોદ તાલુકામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. કપરાડામાં ૧૩ મી.મી., ઝાલોદમાં ૧૧ મી.મી., માંગરોળમાં ૬ મી.મી., સુરતના માંડવીમાં ૪ મી.મી. અને અન્ય ૧૦ તાલુકાઓમાં ૩ મી.મી.થી ઓછો વરસાદ સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે મેઘરાજાએ જોરદાર મહેર વરસાવી છે. ખાસ કરીને સુરત, નવસારી, કપરાડા, વલસાડ, ડાંગ, ભરૂચ સહિતના પંથકોમાં છેલ્લા થોડા દિવસોથી મેઘરાજા મન મુકીને વરસી રહ્યાં છે, ત્યારે સીઝનનો કુલ વરસાદ સૌથી વધારે કપરાડા તાલુકામાં ૧૧૧.૦૮ ઈંચ નોંધાયો છે. ત્યારબાદ વાપી શહેરમાં ૯૨.૫૬ ઈંચ વરસાદ અત્યાર સુધીમાં પડી ચૂક્યો છે. આ વર્ષે સૌથી ઓછો વરસાદ ઉમરગામ તાલુકામાં ૬૪.૫૨ ઈંચ થયો છે. જ્યારે કપરાડામાં ગત વર્ષ કરતા વધુ અને બે મહિનામાં ૧૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. આમ, કપરાડામાં સીઝનનો કુલ વરસાદ જાણે બે મહિનામાં જ નોંધાઈ ગયો છે. વલસાડ જિલ્લામાં આ વર્ષે એક માસમાં સૌથી વધારે વરસાદ પડ્યો છે. જુલાઈના બીજા અઠવાડિયાથી ઓગષ્ટની શરૂઆત સુધી મેઘરાજા મન મુકીને વરસ્યાં છે. સ્થાનિક નદીઓમાં પણ ધોડાપુર આવ્યાં છે. સૌથી વધારે વરસાદ કપરાડા તાલુકામાં પડ્યો છે. અહીં અત્યાર સુધીમાં ૧૧૧ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો છે. વરસાદની સીઝન હજુ બાકી છે.

રૂપાણી દર મહિને મનની મોકળાશ કાર્યક્રમ યોજશે

ગાંધીનગર,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમ વર્ષોથી યોજી રહ્યા છે. આ કાર્યક્રમના ભાગરુપે મોદી જુદા જુદા વિષયો ઉપર દેશના લોકો સાથે વાતચીત કરતા રહે છે. હવે આ દિશામાં ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી પણ વધી રહ્યા છે.

રૂપાણી હવે પ્રજા સાથે સીધો સંવાદ કરશે અને મનની મોકળાશ કાર્યક્રમ યોજશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્યની વિકાસયાત્રામાં નાગરિકો પોતાના સૂચનો-વિચારો આપી શકે તે માટે રાજ્ય સરકારે નવતર અભિગમ દાખવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી નાગરિકો સાથે સીધો સંવાદ કરવા પ્રતિમાસ મનની મોકળાશ કાર્યક્રમ યોજશે. પટેલે ઉમેર્યુ કે, રાજ્યના વિવિધ વિસ્તારના નાગરિકો-નિષ્ણાંતો રાજ્યની કલ્યાણકારી યોજનાઓમાં પોતાના સૂચનો આપી શકે તે માટે મુખ્યમંત્રી તેમના ગાંધીનગર ખાતેના નિકવાસસ્થાને નાગરિકોને બોલાવી મહિનામાં એકવાર આ કાર્યક્રમ યોજશે. જરૂર જણાશે તો મહિનામાં બે વાર પણ આ કાર્યક્રમ પ્રતિમાસ યોજાશે. તેમણે ઉમેર્યુ કે, આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના નાગરિકો, શ્રમિકો, આદિવાસીઓ, ખેડૂતો, શિક્ષણવિદો સાથે મુખ્યમંત્રી સીધો સંવાદ કરશે, ઉપરાંત વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતોને પણ આમંત્રિત કરીને તેમની સાથે પણ પરામર્શ કરવામાં આવશે અને વિકાસ યાત્રામાં તેમને પણ સહભાગી કરાશે, જેના પરિણામે વિકાસ યોજનાના લાભો વધુ સરળતાથી છેવાડાના નાગરિકો સુધી પહોંચતા કરી શકાશે.

રાજ્યમંત્રીમંડળની બેઠકમાં દેશના પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજનું ગઈ કાલે નિધન થતાં તેઓને શ્રધ્ધાંજલિ આપી ઠરાવ પસાર કરાયો હતો. એ જ રીતે કાશ્મિરને ભારત સાથે એક રૂપ કરવા માટે ૩૭૦ કલમ દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરાયો છે તે માટે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

નવમીએ રાત્રે નવ વાગ્યા પછી સરકારી ઓનલાઈન સેવા બંધ

ગાંધીનગર સ્થિત ડેટા સેન્ટરમાં ટોરેન્ટ પાવરની ઈલેક્ટ્રિક પેનલમાં મેન્ટેનન્સ શરૂ કરવાનું હોવાથી સેવા ઠપ્પ રહેશે

આગામી શુક્રવાર તા.૯ ઓગસ્ટના રાતના ૯ વાગ્યા પછી ત્રણ દિવસ માટે ગુજરાત સરકારની તમામ પ્રકારની ઓનલાઈન સેવાઓ, ૩૦૦ વેબસાઈટ, એપ્લિકેશન, ઈ-મેલ, ઈન્ટરનેટ બંધ કરવા તમામ વિભાગોને આદેશ કર્યો છે. ગાંધીનગર સ્થિત ડેટા સેન્ટરમાં ટોરેન્ટ પાવરની ઈલેક્ટ્રિક પેનલમાં મેન્ટેનન્સ શરૂ કરવાનું હોવાથી તા.૧૨ ઓગસ્ટની રાતના ૧૧-૫૯ કલાક સુધી જીસ્વાન નેટવર્ક બેઝડ ડેટા સેન્ટર કનેક્ટેડ તમામ સેવાઓને શટડાઉન કરી દેવાશે. આમ, ત્રણ દિવસ જીસ્વાન નેટવર્ક અને ૩૦૦થી વધુ વેબસાઈટને અસર થશે.

જીસ્વાન નેટવર્કમાં ગાંધીનગર સ્થિત ડેટા સેન્ટરથી ગુજરાત સરકારની ૩૦૦થી વધુ વેબસાઈટ અને ૪૦થી વધારે એપ્લિકેશન ઓપરેટ કરવામાં આવે છે. જેના થકી રાજ્યમાં ઓનલાઈન સેવા જેવી કે જન્મ-મરણના પ્રમાણપત્ર, મહેસૂલી નોંધ, ખેલમહાકુંભ માટે રજિસ્ટ્રેશન, ભરતી પરીક્ષાઓના ફોર્મ, વાહન લાયસન્સ, ઈ- ટ્રેઝરીથી લઈને શિષ્યવૃત્તિ સહિતની અનેક યોજનાઓ માટે ૪૦થી વધુ એપ્લિકેશનથી ઓનલાઈન સેવાઓ નાગરિકોને ઉપલબ્ધ કરાવાય છે. જે આગામી સપ્તાહે ગુરૂવારની રાતથી રવિવારની મધ્યરાત્રી દરમિયાન બંધ રહેશે. મહેસૂલ વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે, આગામી સપ્તાહે શનિ-રવિ જાહેર રજા છે. માત્ર શુક્રવારના એક દિવસ માટે નાગરીકોને હાલાકી પડશે. રવિવારની મધ્યરાત્રિ બાદ સેવાઓ પૂર્વવત થઈ જશે. તંત્ર દ્વારા શકય એટલી ઝડપથી ઓનલાઈન સેવા પૂર્વવત્ કરવાના પ્રયાસો કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

રૂપાણી સરકારના સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ : આજે કાર્યક્રમો

ગાંધીનગર,તા.૭

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નિર્ણાયક નેતૃત્વના ત્રણ વર્ષનો ગાળો આજે ગુજરાતમાં પૂર્ણ થયો હતો. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન પણ આને લઈને કરવામાં આવી રહ્યું છે. નિર્ણાયક નેતૃત્વના નિર્ણાયક ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ રાજ્ય સુશાસનમાં ત્રણ વર્ષની ઉજવણી નિમિત્તે મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નિર્ણાયક નેતૃત્વના નિર્ણાયક ત્રણ વર્ષ તા. ૭ ઓગસ્ટે પૂર્ણ થયા છે. રાજ્ય સુશાસનના ત્રણ વર્ષની ઉજવણી નિમિત્તે આવતીકાલ તા. ૮ ઓગસ્ટ-૨૦૧૯ને ગુરૂવારના રોજ "સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર" કાર્યક્રમ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે બપોરે ૧-૦૦ કલાકે યોજાશે. રાજ્ય સરકાર દ્વારા નિર્ણાયક નેતૃત્વના ત્રણ વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી સંશોધન પ્રોત્સાહન યોજના, સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના, (સૂર્ય-ગુજરાત), મુખ્યમંત્રી કૃષિ યાંત્રીકિકરણ યોજના, પ્રાઈવેટ સ્લમ ડેવલપમેન્ટ માટે પીપીપી પોલીસી અને નમો ઈ-ટેબલેટનું વિતરણ સહિતની વિવિધ જનહિતલક્ષી મહત્વપૂર્ણ કાર્યક્રમોનો પણ શુભારંભ કરાશે. પ્રગતિશીલતા, સંવેદનશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસ યાત્રાને વધુને વધુ સુદ્રઢ બનાવવા રાજ્ય સરકારે ભગીરથ પ્રયાસો કર્યા છે અને રાજ્યના સાડા છ-કરોડ ગુજરાતીઓની આશાઓ-આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહીને અનેક નવતર આયામો હાથ ધર્યા છે. જેના પરિણામે ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદ્રઢ બની છે.

ત્યારે આવો આપણે સૌ સાથે મળીને ગુજરાતને વધુ સમુદ્ધ બનાવીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના અવસાનના કારણે આજે બુધવારના દિવસે યોજવામાં આવનાર કાર્યક્રમ રદ કરવામાં આવ્યા હતા. ભાજપના સરકાર ત્રણ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મોટા કાર્યક્રમનું આયોજન બુધવારના દિવસે કરવામાં આવ્યું હતું પરંતુ આ કાર્યક્રમને તરત જ રદ કરવામાં આવ્યા હતા. આજે રદ કરવામાં આવેલા કાર્યક્રમો આવતીકાલે થશે.

માલપુરમાં રક્ષેશ્વર મહાદેવ સાનિધ્યે શ્રાવણ માસની ઉજવણી

માલપુરની પવિત્ર વાત્રક નદી કે જેનો વેદોમાં પણ વેત્રવતી તરીકે ઉલ્લેખ કરાયો છે એવી પવિત્ર નદી કિનારે સ્વયંભૂ સ્વરૂપે બિરાજમાન ઐતિહાસિક રક્ષેશ્વર મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસની ધામધૂમથી ઉજવણી કરાઈ રહી છે. શ્રાવણ માસ દરમિયાન દરરોજ ભૂદેવો દ્વારા ભગવાન ભોળાનાથને રીઝવવા માટે દૂધ અને જળનો અભિષેક સવાલાક્ષ બીલીપત્ર અનુષ્ઠાન રુદ્રાભિષેક વગેરે ધાર્મિક પૂજા વિધિ કરવામાં આવે છે. દરરોજ સાંજે માલપુરનગરના ભૂદેવો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ભગવાન ભોળાનાથની સાયં મહાપૂજા થાય છે. માલપુર ત્રિવેદી મેવડા બ્રાહ્મણ પંચ દ્વારા ભગવાનને અવનવી રંગોળી અને પુષ્પો દ્વારા શણગાર કરવામાં આવે છે. ભગવાનને ૧૦૮ દિવાની દીપમાળ કરવામાં આવે છે અને ખૂબ ભાવ અને ભક્તિપૂર્વક સદાશિવની આરતી કરવામાં આવે છે. શ્રાવણ માસના તહેવારોમાં પણ ધામધૂમથી ભોળાનાથના મનોરથની ઉજવણી કરવામાં આવે છે. આમ સમગ્ર શ્રવણ માસની ભારે ધામધૂમથી માલપુર રક્ષેશ્વર મહાદેવ ખાતે ઉજવણી કરવામાં આવે છે.

પૂર્વ વિદેશ મંત્રી સ્વ. સુષ્મા સ્વરાજજીને મુખ્યમંત્રીની ભાવસભર શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ વિદેશ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અગ્રણી મહિલા નેતા સ્વ. સુષ્મા સ્વરાજજીના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી પાઠવી છે.

ગુજરાતની જનતા જનાર્દન વતી સદગત સુષ્માજીને શોકાંજલી પાઠવતા કહ્યું કે, નાની વયે અવસાન પામેલા સ્વ. સુષ્માજીના આત્માને પરમાત્મા શાંતિ આપે તેમજ આ દુઃખ સહન કરવાની તેમના પરિવારજનોને હિંમત આપે. વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, જનસંઘથી ભારતીય જનતા પાર્ટી સુધી તેમનો મહત્વનો રોલ રહ્યો છે. એટલું જ નહિ, સ્વ. સુષ્માજીના પરિશ્રમ, સંઘર્ષ, નેતૃત્વ અને કતૃત્વએ ભારતીય જનતા પાર્ટીને મોટી બનાવી છે.

મુખ્યમંત્રીએ દેશના વિદેશમંત્રી તરીકે સ્વ. સુષ્માજીના ઉત્કૃષ્ટ યોગદાનની સરાહના કરતાં કહ્યું કે, વિદેશમાં વસતા ભારતીયો વેબસાઈટ પર નાની વાત મૂકે અને સુષ્માજી તરત જ જવાબ-પ્રતિસાદ આપે તેવી કામગીરી તેમની રહી હતી.

માલપુરમાં મહિલા શિક્ષણ દિનની ઉજવણીમાં પૂર્વ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને શ્રદ્ધાંજલિ અર્પણ

મોડાસા, તા. ૭

માલપુરમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનની ઉપસ્થિતિમાં મહિલા શિક્ષણદિનની ઉજવણી કરાઈ. પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના નિધન અંગે મૌન પાડી અપાઈ શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ કાયક્રમમાં મોટી સંખ્યામાં

મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

હાલ સમગ્ર રાજયમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે તે અંતર્ગત આજરોજ માલપુર ગ્રામપંચાયત ખાતે અરવલ્લી જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મહિલા શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં સમાજમાં મહિલાઓ અગ્રેસર આવે અને તમામ ક્ષેત્રે મહિલાઓ ઉચ્ચ પદવી સાથે પગભર બને તે બાબત પર ભાર મુકવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆતમાં ભારત દેશના પૂર્વ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના નિધન અંગે ખેદ વ્યક્ત કરી બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં માલપુર ખાતે મહિલા વિકાસની સંસ્થા ચલાવતા મહેશભાઈ ઉપાધ્યાયે માલપુર તાલુકાની ૧૦૦૦થી વધુ મહિલાઓને રોજગારી માટે કરેલ પહેલની માહિતી આપી હતી. કાર્યક્રમમાં માલપુર તાલુકા પંચાયત પ્રમુખે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી થઈ રહી છે. ત્યારે તાલુકાસ્તરે એક સારી સુવિધાવાળી મહિલા કૉલેજ સ્થાપવામાં આવે તે માટે જિલ્લા કલકેટરને રજુઆત કરી હતી. હરિઓમ સ્કૂલની બાલિકાએ મહિલા સશક્તિકરણ અને સમાજમાં દીકરીનું મહત્વ બાબતે ખુબજ ભાવુક થઈ પિતાનું વક્તવ્ય આપ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે સારું પરિણામ મેળવનાર વિદ્યાર્થીનીઓનું પુસ્તક દ્વારા સન્માન કરાયું હતું. માલપુર વન મંડળી તરફથી વક્તવ્ય આપનાર વિદ્યાર્થીનીના શિક્ષણની જવાબદારી સ્વીકારી ઉમદા કાર્ય કરવાની વન પંડિત દિનેશ ઉપાધ્યાયે જાહેરાત કરી હતી. અધ્યક્ષસ્થાનેથી પોતાના વક્તવ્યમાં જિલ્લા કલેકટર એમ નાગરાજને હાલ મહિલાઓની દરેક ક્ષેત્રે થઈ રહેલ સિદ્ધિ સાથે પ્રગતિ અને સરકારની મહિલાઓના ઉત્થાન માટેની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે જાણકારી આપી શિક્ષણ ક્ષેત્રે તમામ વિદ્યાર્થીનીઓ ઓછામાં ઓછું ગ્રેજ્યુએટ તો થાય જ તે બાબત પર ભાર મુક્યો હતો અને માલપુરને મહિલા કોલેજ મળે તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરી સરકારમાં રજુઆત કરવાની ખાત્રી આપી હતી. આજના સફળ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ રીટાબેન પટેલ, માલપુર સરપંચ ભારતીબેન ઉપાધ્યાય, જિલ્લા મહિલા મોરચાના નીતાબેન પંડયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જસુભાઈ પટેલ, મામલતદાર ટીડીઓ ૧૮૧ અભયમની ટીમ સીડીપીઓ બાળ વિકાસ અધિકારી તાલુકાની મહિલાઓ વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

અમીરગઢમાં મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરાઈ

વડગામ, તા. ૭

અમીરગઢ તાલુકામાં આઈસીડીએસ ઘટક ૧,૨ માં મહિલા સશક્તિકરણ

પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

અમીરગઢમાં ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની તાલુકાકક્ષાની ઉજવણીના ભાગરૂપે 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજના અંતર્ગત અમીરગઢ તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનો અને આશાવર્કર બહેનોની એક દિવસની તાલીમ પણ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં અમીરગઢ તાલુકા વિકાસ અધિકારી, અમીરગઢ આઈ.સી.ડી.એસ. ઘટકના સી.ડી.પી.ઓ. શાન્તાબેન રબારી, સ્માઈલ પ્રોજેક્ટના પ્રો.ઓફીસર યોગીતાબેન, શીતલબેન, દીશીતાબેન, મેડીકલ ઓફીસર ડૉ.નુલમબેન મેવાડા, નારી અદાલતના આશાબેન, ટી.એચ.વી. ભારતીબેન, એફ.એસ.ડબલ્યુ નીકીતાબેન તથા આંગણવાડીના તમામ સુપરવાઈઝર બહેનો, કો.ઓડીનેટર સહીતનો સ્ટાફ ઉપસ્થિત રહીને મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી અને રેલી યોજી હતી. અમીરગઢ બજારમાં રેલી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

મોડાસા-ઈસરી બસ ડ્રાઈવરને એટેકનો હુમલો આવતા માઝુમ બ્રિજ પાસે થોભાવી દીધી

મોડાસા, તા. ૭

મોડાસા-ઈસરી એસટી બસ ડ્રાઈવર ચલાવી રહ્યો હતો. મોડાસાના માઝુમ બ્રિજ નજીક

ડ્રાઈવરની અચાનક તબિયત લથડતા અને છાતીમાં દુખાવો થતા સતર્કતા વાપરી રોડ સાઈડ બસ થોભાવી દીધી હતી. બસમાં મુસાફરી કરતા ૨૫ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. બસ કંડક્ટર અને મુસાફરોએ તાબડતોડ એસટી બસના ડ્રાઈવરને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. ડ્રાઈવરની તબિયત લથડી હોવાની જાણ ડેપો મેનેજરને થતા બીજા ડ્રાઈવરની ફરજ પર મોકલી બસને રવાના કરી હતી.

મોડાસા એસટી ડેપોની મોડાસા-ઈસરી બસ મંગળવારે રાબેતા મુજબ, રાત્રીના ૮ વાગે ૨૫ જેટલા મુસાફરો સાથે ઉપાડી હતી બસ મોડાસા માઝુમ બ્રિજ નજીક પહોંચી હતી. બસના ડ્રાઈવર જસવંતભાઈ ચાવડાને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો તરત જ બસની સ્પીડ ઓછી કરી દીધી હતી અને સતત વાહનોથી ધમધમતા માઝુમ બ્રિજ નજીક બસ થોભાવી દીધી હતી અને છાતીમાં દુખાવો થતો હોવાનું કંડક્ટરને જણાવતા કંડકટર અને મુસાફરોએ તાત્કાલિક બસ ચાલકને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. બસચાલક જસવંતભાઈને સમયસર સારવાર મળી રહેતા આબાદ બચાવ થયો હતો. બસ ચાલકની સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. માઝુમ બ્રિજ નજીક ડ્રાઈવરે બસ થોભાવી દેતા બસમાં મુસાફરી કરતા ૨૫ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થતા હૈયે હાશકારો અનુભવ્યો હતો.

પહેલું સુખ તે જાતે નર્યા ● ચોથા પાનાનું ચાલુ

પુષ્ટકરતા પણ છે. ત્રણેક મહિના માં જ શુક્રધાતુંઓનું પરૂ દૂર થયા નાં બનાવો છે. ચંદનની અનેક ઔષધીય બનાવટો જેમકે ચંદનાસવ, ચંદનાદી વટી કે પછી ચંદન નો મુરબ્બો બનાવીને લઈ શકાય.

(૮)મૂસળી: ધોળી તથા કાળી મૂસળી નો મહિમા વર્ષો જુનો છે. શિયાળામાં ઘણા લોકો મૂસળીનો પાક બનાવીને ખાતા કારણકે મૂસળી એક શ્રેષ્ઠ પોષકદ્રવ્ય છે જે શરીરની દરેક ધાતુ ઓ અને ખાસ શુક્રધાતુંનો વધારો કરે છે. હાલ તો દુનિયાભરનાં લોકો મૂસળી ને ઉત્તમ વીર્યવર્ધક ઔષધી તરીકેનું સમર્થન આપવા લાગ્યા છે. મૂસળીને દૂધ સાથે લેવાથી ઉત્તમ પરિણામો મળે.

શરીર માં શુક્રધાતુંનાં વર્ધન માટે ઉપરોક્ત ઔષધિઓ તો ઉપયોગી છે જ પણ એ સાથે શારીરિક તેમજ માનસિક સ્વસ્થતા પણ જરૂરી છે. સાત્વિક આહાર વિહાર તથા માનસિક પ્રસન્નતા ખુબ અગત્ય નો ભાગ ભજવે છે આથી આ ઔષધિઓ લેવાની સાથે સાથે જો વધારે પડતો ગરમમસાલા વાળો ખોરાક, તળેલો ખોરાક, માંસાહાર, તથા સિગારેટ ,તમાકુ આદિ નાં વ્યાસનો બંધ કરવામાં આવે તથા માનસિક પ્રસન્ન રહેવું, આનંદ માં રહેવું, શરીર ને અતિશય ક્ષમ ન આપવો તથા હકારાત્મક વિચારસરણી રાખવામાં આવે તો ખુબ ઝડપથી તથા ઉત્તમ પરિણામો મળી શકે.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

અનોખો કાર્યક્રમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજયના પૂર્વમંત્રી અને જાણીતા વિચારક શ્રી જયનારાયણ વ્યાસ 'મન પ્રસન્ન તો જીવન પ્રસન્ન' વિષય ઉપર વકતવ્ય આપી પ્રસન્નતાના પુષ્પો પાથરશે. જયારે જાણીતા કવિ અને વક્તા શ્રી ભાગ્યેશ જહા 'વ્યસ્ત રહેવું અને મસ્ત રહેવું' વિષય પર વકતવ્ય આપી તણાવમુક્ત પ્રસન્ન જીવવાના સરળ ઉપાયો વ્યક્ત કરશે. અને જાણીતા કટાર લેખક અને વક્તા શ્રી ભદ્રાયુ વચ્છરાજાની 'પ્રસન્નતા દેવો ભવ' વિષય ઉપર વિચારો રજૂ કરી પ્રસન્નતાની મહેંક પ્રસરાવશે.

બંને દિવસના કાર્યક્રમો ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં પધારવા કલ્ચરલ ફોરમના સભ્યો અને શહેરના સૌ નાગરિકોને નિમંત્રણ છે. વ્યવસ્થાના ભાગરૂપે પ્રવેશ પત્રિકા કાર્યાલય બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ખાતેથી ઓફિસ ટાઈમમાં મેળવી લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

ખરીફ ઋતુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર કલોલ તાલુકામાં જોવા મળ્યુ છે, જ્યારે ગાંધીનગરમાં ૪૪.૩૩ ટકા વિસ્તારમાં અને દહેગામમાં ૬૪.૭૧ ટકા તો માણસામાં ૬૨.૮૫ ટકા વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્માં ગુવાર, શાકભાજી, ઘાસચારો તેમજ દિવેલાના વાવેતરમાં સારો એવો વધારો વરસાદ પછી નીકળેલા વરાપ દરમ્યાન જોવા મળ્યો છે. જિલ્લામાં કપાસના પાકનું ૨૩૫૮૮ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. જ્યારે મગફળીનું વાવેતર ૬૧૬૨ હેક્ટરમાં થયુ છે. દિવેલાનું વાવેતર ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં ૨૮૦૦ થી વધુ હેક્ટરમાં નોંધાયુ છે. બાજરીના પાકનું વાવેતર પણ સારૂ થયુ છે. મગનું વાવેતર ૬૦૧ હેક્ટરમાં તો અડદનું વાવેતર ૩૫ હેક્ટરમાં નોંધાયુ છે. ગુવારનું વાવેતર ૩૦૯૪ હેક્ટરમાં અને શાકભાજીના પાકોનું વાવેતર ૮૫૩૪ હેક્ટરમાં તો ઘાસચારાનું વાવેતર ૨૧ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં નોંધાયુ છે. વરસાદની પેટર્નમાં છેલ્લા બે વર્ષથી આવેલા બદલાવને કારણે ખરીફ ઋતુની વાવણી પણ મોડી થઈ રહી છે.

જો કે ખેડૂતોને હજુ પણ સારા ચોમાસાની આશા છે. ખેડૂતોનું માનવુ છે કે પાછોતરો વરસાદ સારો થશે. જિલ્લામાં હાલ જે વાવેતર થયુ છે તેમાં ગત સપ્તાહે થયેલા વરસાદ પછી પાકની સ્થિતિ સારી છે. વરસાદ જો બે થી ત્રણવાર થઈ જાય તો ખેડૂતોનું ચોમાસુ બારઆની રહેશે તેમ કહેવુ છે.

મહામંડળની રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલમાં આ લાઈનની કામગીરી સંદર્ભે હાથ ધરાયેલ ખોદકામના લીધે સેકટરોમાં ભયજનક સ્થિતિ સર્જાઈ છે. જયારે જે ઠેકાણે જરૂર છે તેવા સ્થળે પણ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરાય તે માટે પણ તજજ્ઞો દ્વારા પુન: અભ્યાસ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે. જયારે શહેરની ફુટપાથ પર ભુવા પડી રહ્યા છે. ત્યારે વોક વે ની કામગીરી પણ ગુણવત્તા વગરની થઈ રહી છે. શહેરમાં ઠેર ઠેર ભુવા પડયા છે. વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરીના લીધે યોગ્ય માટી પુરાણના અભાવે પોલાણ થતા મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથ તેમજ સેકટરોના આંતરિક માર્ગોઆસાપાસ અસ્તિત્વમાં આવેલા મોટા ગાબડા કોણ પુરશે તેવા પ્રશ્ન સાથે સ્થાનિક સેકટરવાસીઓને પણ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ સ્થિતિ નિવારવા માટે પણ મહામંડળ દ્વારા મેયર રીટાબેન પટેલને રજુઆત કરવામાં આવી છે. ગાંધીનગરમાં જળસંચયની કામગીરી યોગ્ય રીતે થાય તે પણ અનિવાર્ય છે. જેના લીધે નગરને હરિયાળુ બનાવાની કામગીરીને પણ વેગ મળે વનતંત્ર તેમજ સ્થાનિક સંસ્થાઓ અને નાગરિકો દ્વારા નગરને હરિયાળુ બનાવવા માટે નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે ત્યારે હરિયાળીનુ જતન અને રક્ષણ કરવા માટે વરસાદી પાણીના સંગ્રહ કરવાની યોજનાને વધુ પ્રોત્સાહીત કરવામાં આવે તે પણ અનિવાર્ય છે. ગાંધીનગરના જન્મદિવસે જિલ્લા કલેકટરે પણ ગાંધીનગરને ગ્રીન સીટી બનાવવા માટે જળસંચય કરવા તરફ વિશેષ ધ્યાને કેન્દ્રીત કરવા જણાવાયુ હતુ.

કાર્યવાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંકલનના કારણે ત્રાસવાદીઓ તેમના ઓપરેશનમાં સફળ સાબિત થઈ રહ્યા નથી. ભારતીય સેનાએ હાલમાં જ ઓપરેશન ઓલ આઉટ હાથ ધરીને ૨૦૦થી પણ વધુ ત્રાસવાદીઓને ઠાર કરી દીધ